# ટ્રાફિક નિયમભંગના મોટા દંડથી ગભરાવવાની શી જરૂર ?

આ મહિનાથી કેન્દ્ર સરકાર દ્વારા નવો મોટર વ્હીકલ એક્ટ આવ્યો. જેમાં ટ્રાફિકના નિયમ ભંગ માટે ઊંચો દંડ વસૂલ કરવાની વાત છે. રાજ્યોએ આ એક્ટનો અમલ કરવો કે ના કરવો તે જે તે રાજ્ય પર છોડી દીધું છે. તેમાં પણ વચ્ચે રાજકારણ રમાવા લાગ્યું. કેટલાક રાજ્યોએ આ એક્ટનો અમલ નહીં કરવાનું નક્કી કર્યું છે, તો કેટલાક રાજ્યો વિચારી રહ્યા છે કે અમલ કરવો કે ના કરવો. હકીકતમાં આ એક્ટ કેમ લાવવો પડ્યો? તેનું મુખ્ય કારણ એ છે કે, ઘણાં લોકો વાહન ચલાવતી વખતે અત્યારના નિયમોનું પાલન કરતાં નથી. આ લોકો નિયમો માટે જાગૃત નથી અથવા નિયમો માટે માન નથી અને નિયમ ભંગ કરીને સામાન્ય દંડ આપીને છૂટી જવાની માનસિકતા ધરાવે છે. આવા લોકોને જાગૃત કરવા જરૂરી છે. તેમને કાયદા માટે માન ના હોય તો ભય તો હોવો જ જોઈએ. માટે જ મોટા દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેથી લોકો ટ્રાફિકના નિયમોનું પાલન પ્રેમથી ના કરે તો ભયથી તો કરતાં થાય.

ગુજરાત રાજ્યમાં 2001 થી 2017 સુધીના આંકડા પર નજર કરીએ તો અકસ્માતના નોધાયેલા ગુનાની સંખ્યા 483423 છે. જેમાંથી 113950 લોકો મૃત્યુ પામ્યા હતા અને 479462 લોકોને ઇજા થઈ હતી. ગુજરાતમાં જ થતાં અકસ્માતમાં દર 100 અકસ્માતમાં સરેરાસ 24 માણસો મૃત્યુ પામે છે. આ આંકડો નાનો નથી. જો આ બાબતને ગંભીરતાથી ના લઈએ કે આંખ આડા કાન કરીએ તો પછી કોઇની હત્યા થાય તો શા માટે ગંભીરતાથી લઈએ છીએ? બંનેમાં મૃત્યુ તો થાય જ છે ને? હકીકતમાં માણસને બચાવવા માટે વિચરવું જોઈએ. જેના માટે વાહન ચાલકે, સમાજે અને સરકારે ગંભીરતાથી વિચારવું જ પડે, જાગૃત થવું પડે અને અન્યને જાગૃત કરવા જ પડે. આ આંકડા તો માત્ર અકસ્માતના જ આપ્યા છે. પણ એ સિવાય આજે શહેરમાં અને ગામડામાં ટ્રાફિકના નિયમો ભંગના આંકડા કેટલા મોટા હશે? આજે શહેરમાં ચાર રસ્તા પરના દ્રશ્યો જુઓ. દરેકને આગળ જવાની ઉતાવળ, પોતાના સ્વાર્થ માટે બીજાનું સહેજે નહીં વિચારવાનું. રોંગ સાઇડમાં વાહન ચલાવવાનું અને બીજાને તકલીફમાં અને જોખમમાં મૂકવાના. આ દ્રશ્યો કાયમી અને દરેક સેકન્ડ માટે બની રહ્યા છે. તો હાઇવે પર પણ વધુ સ્પીડમાં અને જોખમી રીતે વાહન હંકારવું. ટૂંકમાં, આ બધુ કોણ કરે છે ? આપણે જ કરીએ છીએ અને ફરિયાદ પણ આપણે જ કરીએ છીએ કે, લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા નથી. હકીકતમાં લોકોએ સમજવાની જરૂર છે. પરદેશમાં ચાર રસ્તા પર મોટાભાગે ટ્રાફિક પોલીસ હોતી જ નથી, છતાં ટ્રાફિકનું સંચાલન સરળતાથી ચાલે છે. અરે, ભૂટાન જેવડા નાના અને આપણાં પાડોશી દેશમાં ઝીબ્રા ક્રોસિંગ પાસે ઉભેલા વ્યક્તિને વાહન ચાલક જુએ એટ્લે પોતાના વાહનને બ્રેક કરે અને પેલી વ્યક્તિને રોડ ક્રોસ કરવા દે, પછી જ પોતે જાય. જ્યારે આપણે ત્યાં? ભૂટાન જેવડા નાના અને પાડોશી દેશ પાસેથી આપણે આટલું પણ શીખી શકતા નથી? વાંક કોનો ? સરકારનો ? ના, માત્રને માત્ર વાહન ચાલકોનો જ.

એવું કહેવાનો કોઈને હક્ક નથી કે, મારો જીવ છે, મારી લાઈફ છે. તેની ચિંતા હું કરીશ, સરકારે તેની ચિંતા કરવાની જરૂર નથી. અરે, વાહનચાલક, તમે વાહન ચલાવતા શીખ્યા એ પહેલા અને પછી પણ સમાજ અને સરકારે તમારા જીવન માટે ઘણું રોકાણ કર્યું છે અને આજે પણ કરે છે. તમારા શિક્ષણ, આરોગ્ય માટે સરકારે ઘણા પૈસા ખર્ચ્યા છે. આ ઉપરાંત આજે પણ તમે બસ, રોડ, પાણી, લાઇટ, મનોરંજન જેવી અનેક સગવડતાઓ ભોગવી રહ્યા છો, ત્યારે એમ કેમ નથી કહેતા કે, મારો જીવ છે, મારી લાઈફ છે. જેનો ખર્ચ હું જ આપીશ. કોઈ કહે કે અમે વેરો ભરીએ છીએ. પણ વિચારો જેટલા રૂપિયા વેરો ભરો છો, એના કરતાં અનેકગણી સગવડતા ભોગવો છો. આમ પોતાના કે અન્યના જીવને જોખમમાં મૂકવાનો આપણને હક્ક તો નથી, પણ ગુનો છે. લોકો આવી બાબતનો સ્વીકાર કરે, તે માટે નિષ્ઠા લાવે તે જરૂરી છે. જો આવું તે પ્રેમથી ના કરે તો ભયથી પણ કરે એટલા માટે ટ્રાફિકના નિયમભંગ માટે મોટા દંડની જરૂર હતી જ. હેલ્મેટ ફરજિયાત કરવા પાછળનો

સરકારનો ઉદેશ શું છે? તમારો જીવ બચે એ જ છે. હકીકતમાં આપણાં જીવનની ચિંતા આપણને વધુ હોવી જોઈએ. આ તો ઊલટું થાય છે. કે તમારા જીવનની ચિંતા તમારા કરતાં સરકાર વધુ કરે છે. અહી તમારું જીવન એટ્લે તમારો જીવ અને તમારું કુટુંબ બંને આવી ગયા.

કેટલાક લોકો બૂમબરાડા પાડે છે કે, આટલો મોટો દંડ ભરવાનો? અરે, ભાઈ દંડ તમે તમારી મરજીથી ભરો છો. સરકાર તો કહે છે કે ભાઈ વાહન નિયમ મુજબ ચલાવો, દંડ ભરવો જ નહીં પડે. દંડથી ગભરાવવાની જરૂર એને છે કે જેને કાયદો તોડવો છે. તમારે તો કાયદો તોડવો છે, વારંવાર તોડવો છે અને દંડ ભરવો આકરો પડે છે! એમ કેમ નથી કહેતા કે, હજુ મોટો દંડ રાખો. મારે કાયદાનો ભંગ કરવો જ નથી. પછી મારે ચિંતા કરવાની જરૂર શી ? આજે દસ લાખની કિમતની કાર ચલાવતો ધનિક વ્યક્તિ ક્યારેક માનસિક રીતે ખૂબ ગરીબ જોવા મળે છે. ક્યારેક તો લાગે કે, કાર દસ લાખની હોય છે, પણ બુદ્ધિ દસ ટકા પણ નથી હોતી. ટ્રાફિકના નિયમનો ભંગ જ્યારે કોઈ એક વ્યક્તિ કરતો હોય છે, ત્યારે તેનાથી પરેશાન દસ વ્યક્તિ થતાં હોય છે. મોટાભાગે એવું પણ જોવા મળે છે કે, જે નિયમનો ભંગ કરે છે, તે દાદાગીરી પણ કરતો હોય છે. આવા લોકો માટે દંડની રકમ ત્રણગણી કરવી જોઈએ. આવા લોકોને બચાવા માટે કોઈએ ફોન પણ ના કરવા જોઈએ.

અહી એક બાબત હજુ પણ ચિંતા ઉપજાવે છે. ટ્રાફિક પોલીસ દ્વારા થતો ભ્રષ્ટાચાર ચાલુ રહેશે તો, નવા કાયદાથી કોઈ જાગૃતતા આવશે નહીં. ઉપરથી ભ્રષ્ટાચાર વધશે. જૂના કાયદામાં તો લોકો જ 50-100 રૂપિયા દંડ હોય તો સામા પગલે ભરવા તૈયાર હતા. પણ હવે દંડ વધુ ના ભરવો પડે એટ્લે સામા પગલે લોકો અને પોલીસ ભ્રષ્ટાચાર કરીને કાયદા તોડવાનું ચાલુ જ રાખશે. આવું ના બને તે માટે પોલીસમાં પણ નિષ્ઠા અને જાગૃતતા ઊભી કરવાની જરૂર છે. કે કોઈપણ વ્યક્તિ કાયદો તોડે તો ભ્રષ્ટાચાર નહીં જ કરવો અને દંડ લઈને પહોંચ આપવી જ. આમ જેમ લોકોની માનસિકતા બદલવાની જરૂર છે, તેમ પોલીસની પણ માનસિકતા બદલવાની જરૂર છે. જેમ બધા વાહંચાલકો કાયદો તોડતા નથી, તેમ બધા પોલીસ ભ્રષ્ટાચાર કરતાં નથી. એવું ઘણીવાર અનુભવ્યું છે અને જોયું છે કે, ભૂલથી ટ્રાફિકનો નિયમ તોડ્યો હોય, પોલીસ ઊભા રાખે અને તમે ફરીથી ભૂલ નહીં કરવાની પ્રોમિસ આપો તો પોલીસ દંડ લીધા વગર, ભ્રષ્ટાચારની અપેક્ષા વગર તમને જવા દેશે. કારણ પોલીસ જાણે છે કે, ભૂલ કરવી અને ભંગ કરવો બંનેમાં તફાવત છે.

ક્યારેક વહીવટીતંત્રને કારણે લોકો કાયદાનો ભંગ કરવા માટે પ્રેરાય છે. જેમકે, જરૂરી સગવડતા ના હોય એટ્લે લોકો જે છે તેમાં ચલાવે છે અને કાયદાનો ભંગ થાય છે. જેમકે, રોડ પર રખડતા ઢોર, પાર્કિંગની અપૂરતી સુવિધા કે જગ્યા, ખરાબ કે સાંકડા રસ્તાઓ, ચાર રસ્તા પર ટ્રાફિક નિયમન માટેની વ્યવસ્થાનો અભાવ, ચાર રસ્તા પર અયોગ્ય આયોજન (દા.ત. અમદાવાદમાં નહેરુ નગર સર્કલ અને અંધજન મંડળ ચાર રસ્તા). ચાર રસ્તા પરની સમસ્યાઓ અને ભ્રષ્ટાચાર બંધ કરવા પ્રાઈવેટ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપો. પરિણામે નિયમ મુજબ કામ થશે અને ભ્રષ્ટાચાર નહીં જ થાય. સરકારને એક પણ પૈસાના રોકાણ વગર નફો થશે. પ્રયોગાત્મક ધોરણે તો કરો. આ સરકાર જો પોતાને પ્રયોગશીલ ગણાવતી હોય તો આ પ્રયોગ તો કરી બતાવો. પણ કેટલીક પોલીસ જ આવું નહીં થવા દે. કારણકે, પછી કમાવાનું એક સાધન ઓછું થઈ જાય ને!

અંતે, મોટર વ્હીકલના નવા એક્ટની લોકોના માનસ પર મોટી અસર થઈ છે. જેથી અનેક એસ.એમ.એસ. પણ ફરતા થઈ ગ્યાં છે. જેમકે, ટ્રાફિક પોલીસ એક છોકરાને કાયદાના ભંગ માટે પકડે છે અને તેના પપ્પાને ફોન કરે છે. કે, આ રમેશ તમારો છોકરો છે, તેણે ટ્રાફિકના નિયમનો ભંગ કર્યો છે. સામેથી જવાબ આવે છે કે, સાહેબ, એ મારો છોકરો હતો પણ હવે નથી!